# સુરત મહાનગરપાલિકા

## પરિપત્ર

સંદર્ભઃ (૧) સામાન્ય સભા ઠરાવ નં.૬૫/૯૩, તા.૦૬/૦૫/૧૯૯૩.
(૨) સ્થાયી સમિતિ ઠરાવ નં.૧૩૩, તા.૨૬/૦૭/૧૯૮૪.
(૩) સામાન્ય સભા ઠરાવ નં.૪/૨૦૦૨, તા.૧૮/૦૧/૨૦૦૨.
(૪) સામાન્ય સભા ઠરાવ નં.૪૮૧/૨૦૨૩, તા.૨૨/૦૯/૨૦૦૩.
(૫) સામાન્ય સભા ઠરાવ નં.૫૫૫/૨૦૨૪, તા.૨૯/૧૧/૨૦૨૪.
(૬)સામાન્ય સભા ઠરાવ નં.૧૦૩/૨૦૨૬, તા.૧૦/૦૩/૨૦૨૬.
(૭) માન.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી તા. ૧૧/૦૩/૨૦૨૬.

સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં.૧૩૩, તા.૨૬/૦૭/૮૪ તથા સામાન્ય સભા ઠરાવ નં.૬૫, તા.૦૬/૦૫/૯૩ થી ચોથા વર્ગની સેવામાં કામ કરતા પટાવાળા, બેલદાર, સફાઈ કામદાર, મુકાદમ, સીકયુરીટી ગાર્ડસ વિગેરે કર્મચારીઓની ત્રીજી શ્રેણી કલાર્કની જગ્યાએ પસંદગીથી નિમણુંક આપવા સુરત મહાનગરપાલિકામાં ત્રીજી શ્રેણી કલાર્કની ખાલી પડતી જગ્યા પૈકી ૧૦% જગ્યા પર પસંદગી યાદીમાં ક્રમાનુસાર આવતા કર્મચારીઓમાંથી નિમણુંક કરવાના વિનિયમો મંજુર કરવામાં આવેલ છે. સા.સ.ઠ.નં.૪/૨૦૦૨, તા.૧૮/૦૧/૨૦૦૨ થી નિયત કરવામાં આવેલ લાયકાતમાં વખતોવખતના સુધારા બાદ **સંદર્ભ–૬ હેઠળનાં સુરત મહાનગરપાલિકાના સામાન્ય સભા ઠરાવ નં.૧૦૩/૨૦૨૬, તા.૧૦/૦૩/૨૦૨૬ થી ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાતમાં સુધારો થયેલ હોય નવી સુધારેલી લાયકાત ધરાવતાં અને ચોથા વર્ગની સેવામાં રેગ્યુલર પગારધોરણમાં મૂળ નિમણુંક તારીખથી** તા. ૩૧/૦૩/૨૦૨૬ સુધીમાં ઓછામાં ઓછી ચાર વર્ષની નોકરી પુરી કરેલ હોય (સા.સ.ઠ.નં.૪૮૧/૨૦૨૩, તા.૨૨/૦૯/૨૦૨૩ નાં વિનિયમોમાં લાગુ પડતી જોગવાઈઓ મુજબ) તેવા કર્મચારીઓએ સુરત મહાનગરપાલિકાની https://www.suratmunicipal.gov.in ની વેબસાઈટ પર તા. ૧૯/૦૩/૨૦૨૬(સમય સવારે ૧૧:૦૦ કલાક) થી તા. ૩૧/૦૩/૨૦૨૬ (સમય રાત્રે ૧૧:૦૦ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉકત જગ્યા માટે સુરત મહાનગરપાલિકાની ઉકત વેબ સાઈટ પર મુકવામાં આવેલ વિગતવાર સુચનાઓ જોઈ લેવાની રહેશે. વધુ વિગત માટે મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગનો ફોનં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ એકસ–૨૩૧ તથા ૨૯૯ ઉપર સંપર્ક કરવો.

**ત્રીજી શ્રેણી કલાર્કની લાયકાત** :

| | |
|---|---|
| 1 | માન્ય યુનિવર્સિટીના કોઈપણ વિદ્યાશાખાના સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ. |
| 2 | ઉમેદવાર કોમ્પ્યુટરની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ તેમજ આ બાબતે સરકારશ્રીના વખતોવખત જે સુચવે તેવા કોમ્પ્યુટર કોર્ષ / કામગીરીની જાણકારી ધરાવતા હોવા જોઈએ. |
| 3 | ગુજરાતી તેમજ હિન્દી ભાષાનું જ્ઞાન હોવું જરૂરી. |

સુરત મહાનગરપાલિકામાં વર્ગ–૪ માં ફરજ બજાવતા કર્મચારીઓએ ઓનલાઈન અરજી કર્યા બાદ તેની હાર્ડકોપી છેવટની પગારસ્લીપની નકલો સાથે તેઓની ઉમેદવારી અરજી પોતાના વિભાગ / ખાતા / ઝોનના સક્ષમ અધિકારીની મંજુરી મેળવી થ્રુ પ્રોપર ચેનલ, તેઓના ખાતા મારફત સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ ઓનલાઈન અરજી કરવાની આખરી તારીખ પછીના સાત દિવસ સુધીમાં તા. ૦૭/૦૪/૨૦૨૬નાં રોજ સાંજે ૬:૦૦ કલાક

સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને મોકલી આપવાની રહેશે. નિયત કરેલ સમયગાળામાં અરજી ન મળ્યેથી અરજી રદ થવાને પાત્ર ગણાશે.

સુરત મહાનગરપાલિકામાં ત્રીજી શ્રેણી કલાર્ક કેડરની મંજુર કરવામાં આવેલ કુલ–૧૭૮૪ જગ્યાઓ પૈકી ૧૦% જગ્યાઓ ઉપર જણાવેલ લાયકાત મુજબનાં વર્ગ–૪ માં ફરજ બજાવતાં ઉમેદવારોમાંથી ભરવા અંગેની કુલ–૫૫ ખાલી જગ્યાઓ માટેનાં રોસ્ટરની વિગત નીચે મુજબની છે.

| રોસ્ટરની વિગત | અ.જા. | અ.જ.જા. | સા.શૈ.પ.વ. | આ.ન.વ. | જનરલ |
|---|---|---|---|---|---|
| કુલ–૫૫ ખાલી જગ્યાઓની રોસ્ટરની વિગત | ૦૧ | ૧૯ | ૨૭ | ૦૨ | ૦૬ |
| ઉકત ૫૫ જગ્યાઓ પૈકી ૩૩% પ્રમાણે મહિલા અનામત | – | ૦૬ | ૦૯ | – | ૦૨ |

ઉકત ખાલી ૫૫ જગ્યાઓ પૈકી ૦૪ જગ્યાઓ દિવ્યાંગજન ઉમેદવાર માટે અનામત રહેશે.

**નોંધ:**

(૧) રોજીંદા દરે / તાલીમાર્થી / એડહોક / કોન્ટ્રાકટ બેઈઝ ઉપર ફરજ બજાવતા હોય તેઓએ અરજી કરવી નહી તેમજ ઝોન / વિભાગે પણ તેવા પ્રકારની અરજી મોકલવાની રહેશે નહી.

(૨) ચાલુ નોકરીએ વધુ અભ્યાસની પરવાનગી મેળવેલ હોય તો તે અંગેનાં હુકમની નકલ અને અભ્યાસ સફળતાપૂર્વક પાસ કરેલ હોવા અંગેનાં પુરાવાઓ સામેલ કરવાનાં રહેશે.

નં.જીએડી/ઈએસટી/ ૬૬૬૮
તા.૧૨/૦૩/૨૦૨૬

ડેપ્યુટી મ્યુનિ.કમિશનર (ડી.),
સુરત મહાનગરપાલિકા.

ન.સ.ર. : ડીનશ્રી(સ્મીમેર) / તમામ વિભાગીય વડાઓશ્રીઓ / મુખ્ય અન્વેષકશ્રી પ્રતિ, ...જાણ સારૂ.

ન.ર. : તમામ ખાતા/ ઝોનના ઉપરી અધિકારીશ્રીઓ પ્રતિ,.....જાણ તથા અમલ કરવા સારૂ.